





ચૌદમા-પંદરમા સૈકાની આ વાત છે. દક્ષિણ ભારતના આંધ્ર પ્રદેશમાં આકબીડુ નામે જીલ્લો. આ જીલ્લામાં ગોમ સ્તંભ પર્વત પાસેથી કૃષ્ણા નદી વહે. નદીને કિનારે કાંકરપાડુ નામે સુંદર ગામ વસેલું. આ ગામમાં યજ્ઞનારાયણ ભટ્ટ નામના પવિત્ર અને વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા.


એક સમયે યજ્ઞનારાયણ ભટ્ટ યજ્ઞ કરતા હતા ત્યારે તેમની પાસે વિષ્ણુમુનિનું આગમન થયું.
કલ્યાણમસ્તુ



હરિની ભક્તિ થાય તેવો મંત્ર બતાવો તો આપની કૃપા.
આ ગોપાલમંત્રથી આપનો મનોરથ પૂર્ણ થશે.
યજ્ઞનારાયણ ભટ્ટે પોતાના જીવન દરમ્યાન ૩૨ સોમયજ્ઞ


એક વખત યજ્ઞનારાયણ ભટ્ટની ઉત્તરાવસ્થામાં સોમયજ્ઞનું કાર્ય ચાલતું હતું. પૂર્ણાહુતિ સમયે તેમણે યજ્ઞવેદીમાં શ્રીફળ હોમ્યું. એજ સમયે યજ્ઞવેદીમાંથી સાક્ષાત શ્રીપૂર્ણ-પુરુષોત્તમ ભગવાન પ્રગટ થયા.
સ્વધર્મ રક્ષણ કરવાને માટે જ્યારે તમારા વંશમાં સો સોમયજ્ઞ પૂરા થશે ત્યારે હું સ્વયમ વૈશ્વાનર સ્વરૂપે અવતાર ધારણ કરીશ.


યજ્ઞનારાયણ ભટ્ટના પુત્ર ગંગાધર સોમયાજી થયા. એમણે ૨૮ સોમયજ્ઞ કર્યા અને ઉત્તર મીમાંસા તથા પૂર્વમીમાંસાનું રહસ્ય દર્શાવનાર ગ્રંથ રચ્યો.


ગંગાધર ભટ્ટના પુત્ર ગણપતિ ભટ્ટે ત્રીસ સોમયજ્ઞ કર્યા, તાંત્રિકો પર વિજય મેળવ્યો અને સર્વતંત્રનિગ્રહ નામનો ગ્રંથ લખ્યો.
ગણપતિ ભટ્ટના વલ્લભ ભટ્ટ અથવા બાલમ ભટ્ટ થયા. તેમણે પાંચ સોમયજ્ઞ કર્યાં, 'ભક્તિદીપ' ગ્રંથની રચના કરી અને દશગ્રંથ પર રચના કરવાથી તેઓ દશગ્રંથી કહેવાયા.
વલ્લભ ભટ્ટને ત્યાં બે પુત્રો થયા. લક્ષ્મણભટ્ટ તથા જનાર્દન ભટ્ટ.


લક્ષ્મણ ભટ્ટના લગ્ન વિદ્યાનગરના રાજપુરોહિત સુશર્માની
બે કન્યાઓ વલ્લમાગારુ અને ઈલ્લમાગારુ સાથે થયા.



કંકરપાડુ ગામનો નાશ થવાથી લક્ષ્મણ ભટ્ટ પોતાની બંને
પત્નીઓ સાથે અગ્રહાર નગર તરફ જવા નીકળ્યા.


લક્ષ્મણ ભટ્ટને ત્યાં પુત્ર રામકૃષ્ણનો તથા સરસ્વતી અને સુભદ્રા નામની સુપુત્રીઓનો જન્મ થયો. તેમણે પાંચ સોમયજ્ઞ
કર્યા. આમ સો સોમયજ્ઞ પુરા થયા. તે સમયે આકાશવાણી થઈ.....
આપના કુળમાં સો સોમયજ્ઞ પૂરા થયા, હવે આપના ઘરે પૂર્ણ પુરુષોત્તમ પુત્રરૂપે અવતરશે.


સો સોમયજ્ઞ પૂરા થયા તે નિમિત્તે લક્ષ્મણ ભટ્ટ વારાણસીમાં બ્રહ્મભોજન કરાવે છે.



મોગલ સેનાના વારાણસી ઉપર આક્રમણના ભયે સગર્ભા ઈલ્લમાગારૂજીને લઈને લક્ષ્મણ ભટ્ટજી દક્ષિણમાં પોતાને વતન પાછા ફરે છે.


હવે ચંપારણ્ય જંગલમાં ઈલ્લમાગારૂજીને અધૂરે માસે નિશ્ચેતન બાળકનો જન્મ થતાં મૃત માની ઈલ્લમાગારૂજીએ બાળકને શમીવૃક્ષની બખોલમાં પાંદડાથી ઢાંકીને મૂક્યો.



સ્વામિનાથ બાળક...
રડવાથી શું વળે? હરિ ઈચ્છા સર્વોપરી છે એમાં પણ ઈશ્વરીય સંકેત હોય. એટલે ભાવિ કદી મિથ્યા થતું નથી.
સવારે ગામમાં સમાચાર આવે છે........
તમારા બાળક રૂપે ચંપારણ્યમાં હું પ્રગટ થયો છું મને લઈ જાવ.
વારાણસી ઉપરથી ભય દૂર થયો છે.





મહાપ્રભુજીના પ્રાગટ્ય સમયે જ વ્રજમાં ગિરિરાજજી ઉપર શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાગટ્ય થયું.






એક સમયે માતા ઇલ્લમાગારૂજીને વ્રજમંડળના દર્શન કરવાની ઇચ્છા થઈ. મહાપ્રભુજીએ માતાની ઇચ્છા પૂર્ણ કરવા સ્તનપાન કરતાં કરતાં બગાસુ ખાધું અને પોતાના મુખમાં સમગ્ર વ્રજમંડળના માતાજીને દર્શન કરાવ્યા.



જોષી ટીપણું હાથમાં લઈને_
આ દિવ્ય બાળકનું નામ વલ્લભ, દેવનામ કૃષ્ણપ્રસાદ, માસ નામ જનાર્દન અને નક્ષત્ર નામ શ્રાવિષ્ઠ રાખો.



મહાપ્રભુજીના ચરણોમાં એમનું દિવ્ય પ્રાગટ્ય સૂચવતી સોળ દિવ્ય નિશાનીઓ હતી.



ચાલો આપણે રાજા રાજા રમીએ.
મારે રાજા નથી બનવું. હું ગુરુ બનું તમે મારા શિષ્ય બનો એવું રમીએ.


વારાણસીમાં અગ્નિહોત્રની યજ્ઞશાળામાં મહાપ્રભુજીએ પિતાજી તથા અન્ય પંડિતોને શ્રીમદ્ભાગવતના સારરૂપ વચનો સંભળાવ્યા.
જુર્વેદના અર્થ મારે શા માટે મૂંઝાવ છો ભગવાન? સાથે સુસંગત તે અર્થ સાચો!
સાચે જ આ બાળક વાક્પતિ છે



મહાપ્રભુજી રમકડાંઓમાંથી પણ પુસ્તક ઉપાડી લેતા.
આપણે એને વાક્પતિ કહીશું.
આપણી વાત ધ્યાનથી સાંભળતા આ બાળકને 'બાલસરસ્વતી' કહીશું.
કૃષ્ણદાસ શેઠે લક્ષ્મણભટ્ટને આપેલી ગાય મહાપ્રભુજીને બહુજ પ્રિય હતી. એક સમયે મહાપ્રભુજી બહાર પધાર્યા હતા ત્યારે ગાયનું મૃત્યુ થયું.
મહાપ્રભુજી બહારથી પધારે છે.
યશોદા, ઉઠ.
હેં! ગાય જીવતી થઈ ગઈ!


મહાપ્રભુજીની યજ્ઞોપવીતવિધિ...
અરે! આ તેજસ્વી વિદ્યાર્થીને એકવાર
શીખવેલું બધુંજ યાદ રહે છે!
મહાપ્રભુજી પિતા પાસેથી કૃષ્ણયજુર્વેદની તૈત્તરીય શાખા શીખ્યા.
ગુરુ પાસે તેઓ યજુર્વેદ શીખ્યા.
મહાપ્રભુજી તીરૂમલ
પાસેથી ઋગ્વેદ અને
સામવેદ શીખ્યા.



મહાપ્રભુજી નારાયણ દીક્ષિત પાસેથી ભાષ્યસહિત પાણિનીય અષ્ટાધ્યાયી, ગૌતમ, કણાદના ગ્રંથો છ શાસ્ત્રો આદિ શીખ્યા.
માધવેન્દ્ર યતિ પાસેથી ગીતા, ભાગવત, નારદ, પંચરાત્ર આદિ શીખ્યા.
દશ વર્ષની ઉંમરે વલ્લભે પ્રથમ લઘુયાત્રા કરી. યાત્રા દરમ્યાન અંગ ઉપર સીવેલું વસ્ત્ર ધારણ ન કરતા. તેઓ બને ત્યાંસુધી ગામ બહાર જળાશયને કિનારે વૃક્ષની છાયામાં મુકામ કરતા.
યાત્રા દરમ્યાન વિદ્યાધર ગામની બહાર વિરક્ત સર્વેશ્વર સંન્યાસી સામે મળ્યા.
વિરક્તિ છોડી ભક્તિ કરો.
યાત્રામાં આગળ વધતાં
દામોદરદાસ મહાપ્રભુજીને શરણે આવ્યા





યાત્રા દરમ્યાન મહાપ્રભુજી ઉજ્જૈનમાં સાંદિપની આશ્રમમાં પધાર્યા. સ્થળ રમણીય હતું પણ ત્યાં એકેય વૃક્ષ ન હોવાથી પીપળાનું પાન જમીનમાં રોપ્યું.
તત્કાલ ઘટાદાર વૃક્ષ ઉગાડયું. તે વૃક્ષ નિચે બિરાજીને મહાદેવજીથી પ્રેરીત થઈને આવેલા માયાવાદીઓને તથા અન્ય માયાવાદી પંડીતોને મહાપ્રભુજીએ પરાજીત કર્યાં.
મલયાચલમાં ચંદનોના વનમાં વસતા હેમગોપાલજીની જે ગરમી ચન્દનથી ન મટી તે મહાપ્રભુજીના ચરણારવિંદના સ્પર્શથી મટી.
મલયાચલમાં ઈન્દ્રે મહાપ્રભુજીના દર્શન કરી પ્રસન્નતા અનુભવી.



આ ઘડામાં મંત્રથી મેં સરસ્વતીને પૂરી દીધા છે.હવે મને વાદમાં કોણ જીતશે?
પંડિતના અનેક પ્રશ્નો છતાં ઘડામાંથી સરસ્વતી દેવી કંઈ બોલ્યા નહીં. એટલે પંડિત ફુફકાર કરી ઊઠ્યો અને દેવી ઉપર ભડકવા લાગ્યો.....


ઓડિશા દેશના રાજા રામભદ્રે મહાપ્રભુજીનો કનકાભિષેક કર્યો અને એમને ગુરુ ની પદવીથી વિભૂષિત કર્યા.





ભગવાને મહાપ્રભુજીને આજ્ઞા કરી.
અમે વ્રજમાં ગોવર્ધન પર્વત ઉપર પ્રગટ થયા છીએ. આપ અમને પર્વતમાંથી બહાર પધરાવો. અને અમારી સેવાનો પ્રકાર જાહેર કરો. જેથી દૈવી જીવો અમારે શરણે આવી શકે.
ભગવાનની આજ્ઞા થતાંજ મહાપ્રભુજી વ્રજમાં પધારે છે.
મથુરામાં વિશ્રામઘાટ પર કાજીએ આસુરીયંત્ર બનાવ્યું હતુ કે જેને લીધે હિંદુઓની ચોટી કપાઈ જતી અને દાઢી થઈ જતી.
મહાપ્રભુજી પોતાના સેવકોની સાથે મથુરાના વિશ્રામઘાટે યમુના સ્નાન કરવા પધાર્યા ત્યારે આસુરી યંત્ર શક્તિહીન થઈ ગયું અને કોઈની પણ ચોટી કપાઈ નહીં.
આસુરી યંત્રના પ્રતિકારરૂપે મહાપ્રભુજીએ જૈનપુરમાં એક યંત્ર બંધાવ્યું કે જેને લીધે યંત્ર નીચેથી પસાર થનારની દાઢી કપાઈ જતી અને ચોટી થઈ જતી.
ગોકુળમાં ગોવિંદઘાટ ઉપર મહાપ્રભુજી ચિંતા કરી રહ્યા છે.
દૈવી જીવોને કઈ રીતે શરણે લેવા??


શ્રાવણ સુદ અગીયારસની મધ્યરાત્રીએ ગોવિંદઘાટ પર મહાપ્રભુજી પાસે શ્રીનાથજી પધારે છે.
આપને આ બ્રહ્મસંબંધ મંત્ર આપીએ છીએ. આપ આ મંત્ર જે જીવને આપશો તે જીવને અમે અમારા શરણમાં રાખશું.
વિદાય થતાં શ્રીનાથજીને જોઈ મહાપ્રભુજી બોલી ઉઠે છે.
મધુરાધિપતેરખિલં મધુરમ...
મહાપ્રભુજી બાજુમાં સૂતેલા દામોદરદાસને પૂછે છે.
દમલા, કંઈ સાંભળ્યું?



જી સાંભળ્યું તો ખરું, પણ કંઈ સમજ પડી નહીં !
બીજા દિવસની સવારે (શ્રાવણ સુદ ૧૨) મહાપ્રભુજીએ પ્રથમ બ્રહ્મસંબંધ મંત્ર દામોદરદાસને આપ્યો અને સિદ્ધાંતરહસ્ય ગ્રંથ રચી તેમને સમજાવ્યો.
ગોકુળથી આગળ વધી મહાપ્રભુજી ગિરિરાજજીની તળેટીમાં આન્યોર ગામમાં સદુ પાંડે નામના વ્રજવાસીને ઘરે પધારે છે. સૌ વ્રજવાસીઓ એકઠા થઈને મહાપ્રભુજીને શ્રીનાથજીના મુખારવિંદના પ્રાગટ્યની વાત કહે છે.



નંદરાયજીની ગાયના કૂળની એક ગાય દરરોજ ગિરિરાજજી ઉપર જઈ પોતાના દૂધનો સ્રાવ કરી આવતી."
આ આંચળમાંથી દૂધ કેમ આવતું નથી..?
હં! હવે સમજાયું.
ભાઈ, આપણી ગાય ગિરિરાજજીની શીલાઓ વચ્ચે તિરાડમાં પોતાના દૂધની ધાર કરે છે. તેનું શું કારણ હશે ?
તો તો જરૂર ત્યાં શીલાની નિચે અઢળક ધન અથવા તો કોઈ દેવની મૂર્તિ હશે! ચાલો આપણે શીલા ખસેડીને જોઈએ.



ગોવાળોએ ખોદતાં શ્રીનાથજીની ડાબી ભુજાના દર્શન થયા.
મહાપ્રભુજી સં. ૧૫૩૫ માં ચૈત્ર વદ ૧૧ ના રોજ પ્રગટયા ત્યારે પર્વત પર શ્રીનાથજીના મુખારવિંદના દર્શન થયા હતા.
"શ્રીનાથજીની એ ડાબી ઉર્ધ્વ ભુજાને સૌ વ્રજવાસીઓએ ભોગ ધરાવ્યો. ધીમે ધીમે એ ભુજાનો મહિમા પ્રસરવા લાગ્યો. એ ભુજાને દૂધથી સ્નાન કરાવવાની માનતા કરતાં એમનો મનોરથ સિદ્ધ થઈ જતો... આ પ્રમાણે શ્રીનાથજીની ડાબી ઉર્ધ્વ ભુજા ના પૂજનનો પ્રકાર સંવત ૧૫૩૫ સુધી એટલે કે લગભગ ૭૩ વર્ષ સુધી ચાલ્યો."
બીજે દિવસે સવારે સૌને સાથે લઈને મહાપ્રભુજી ગિરિરાજ પર્વત ઉપર પધાર્યા.
ત્યારે શ્રીનાથજીનું મુખથી વધુ સ્વરૂપ પ્રગટ થયું.

મહાપ્રભુજી પધાર્યા છે એ જાણીને શ્રીનાથજી ગિરિરાજજીની કંદરામાંથી બહાર પધાર્યાં અને સામેથી બાળકની જેમ દોડીને
મહાપ્રભુજીને ભેટ્યા






મહાપ્રભુજીએ ગિરિરાજજી ઉપર એકનાનું મંદિર તૈયાર કરાવી એમાં શ્રીનાથજીને પધરાવીને પાટ બિરાજમાન કર્યા અને
રામદાસ ચૌહાણને શ્રીનાથજીની સેવા સોંપી



શ્રીમદ્ ભાગવતનો અર્થ સમજાવવા માટે મહાપ્રભુજીએ વૃન્દાવનમાં
કેશીઘાટ ઉપર સુબોધિનીજીની રચના કરી અને માધવભટ્ટ કાશ્મીરી
પાસે એ ગ્રંથ લખાવવાની શરૂઆત કરી.




કામવનમાં શ્રીકુંડ ઉપર એક બ્રહ્મરાક્ષસ રહેતો હતો. કુંડ ઉપર રાતવાસો કરનારને એ બ્રહ્મરાક્ષસ ભરખી જતો.
એક રાત્રીએ મહાપ્રભુજીએ એ કુંડપર મુકામ કર્યો.
કૃપાનાથ પેલો બ્રહ્મરાક્ષસ આવીને હેરાન કરી રહ્યો છે.
એ બ્રહ્મરાક્ષસ પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતો. એણે ઘણી ભૂમિનું દાન કર્યું હતું. પરંતુ પાછળથી બુધ્ધિ બગડતાં દાનમાં આપેલી બધી ભૂમિ પાછી છીનવી લીધી હતી તેથી એ બ્રાહ્મણ પાશાચ યોનીમાં ફેંકાયો.
વ્રજરજથી તો એની મુક્તિ ન થઈ, પણ શું આપના દર્શનથીએ એને મુક્તિ નહી મળે?
અમારા વસ્ત્રનું જળ એ બ્રહ્મરાક્ષસ ઉપર છાંટો.
સેવકે કુંડના જળમાં મહાપ્રભુજીના વસ્ત્રો ધોઈ, નિચોવીને થોડું જળ બ્રહ્મરાક્ષસ ઉપર છાંટતાંજ એ બ્રહ્મરાક્ષસનો ઉધ્ધાર થઈ ગયો.



પાલમકોટ શહેરનો રાજા કાળજ્વરથી પીડાતો હતો. કોઈ ઉપાય લાગુ પડયો નહીં ત્યારે એક પંડિતે સૂર્યના કાળપુરુષનું દાન દેવાનો ઉપાય રાજાને સૂચવ્યો. જે બ્રાહ્મણ એ કાળપુરુષનું દાન સ્વીકારે તે મરી જાય અને રાજાને તેનું આયુષ્ય મળે.
મહેલમાં રાખેલા સોનાના પૂતળાનું દાન લેવા માટે લોભી બ્રાહ્મણો પડાપડી કરવા લાગ્યા. જેવા પૂતળા પાસે જાય કે તરત બીકના માર્યા પાછા ફરે.
આને તો જોઈને જ ગભરાટ થાય છે. ભાગો, ભાગો...
રાજાના મહેલમાં મહાપ્રભુજીની સાથે એક બ્રાહ્મણ પ્રવેશે છે. મહાપ્રભુજીએ એ બ્રાહ્મણ યુવકને ગાયત્રી મંત્રનું દાન કરી અતિ તેજસ્વી બનાવ્યો હોય છે. એ બ્રાહ્મણ કાળપુરુષની પ્રતિમા પાસે જઈને ઊભો રહ્યો ત્યારે પ્રતિમાએ જમણા હાથની એક આંગળી ઊંચી કરી.
બ્રાહ્મણ યુવકે ત્રણ આંગળી ઊંચી કરી પ્રતિમાને સંકેતમાં સમજાવ્યું કે એ ત્રણવાર સંધ્યા કરે છે. પ્રતિમાએ મસ્તક નમાવી દીધું.
રાજાએ વિધિસર એ સોનાના પૂતળાનું દાન કર્યું. મહાપ્રભુજીએ તરત જ સોનીઓને બોલાવરાવી એ પૂતળાના ઘણા ટુકડા કરાવી કાળનું શમન કર્યું અને ભેગા થયેલા બ્રાહ્મણોમાં એ સોનું વહેંચી આપ્યું.
રાજાનો રોગ દૂર થયો અને તે મહાપ્રભુજીને શરણે આવ્યો.


દૃષ્ટિઆમાં તિરૂપતી બાલાજીના સ્વરૂપમાં મહાપ્રભુજીના પિતાજી લક્ષ્મણ ભટ્ટજી સદેહે લીન થઈ ગયા.
મહાપ્રભુજીને તિરૂપતી બાલાજીએ વિદ્યાનગરમાં જઈને દિગ્વિજય કરવાની આજ્ઞા આપી.
વિદ્યાનગરના રાજાને વિચાર આવ્યો કે 'શું આ વેદ પ્રતિપાદિત અને સંસારમાંથી ઉધ્ધાર કરનારોય તેમનું રાજ્ય છે.' આ વાતનો નિર્ણય કરવા રાજાએ પરિસંવાદનું આયોજન કર્યું.


વિદ્યાનગરમાં ધાર્મિક વાદવિવાદમાં શંકરાચાર્ય વિદ્યાતીર્થનો વિજય થયો છે.
પણ હજી શુદ્ધાદ્વૈતની ચર્ચા ક્યાં થઈ છે? હું વિદ્યાનગર આવી ચર્ચા માટે જવા માંગુ છું.
બીજે દિવસે સવારના મહાપ્રભુજી પોતાના સેવકો સાથે વાદસભામાં પધાર્યા. રાજા સામેથી ચાલીને આવ્યા અને આદરસત્કાર પૂર્વક મહાપ્રભુજીને સભામંડપમાં પધરાવ્યા.
અમે પણ ચર્ચામાં ભાગલેવા માગીએ છીએ.


વિદ્યાનગરની વાદસભામાં શાંકરમત-
પ્રખર આચાર્ય વિજ્ઞાનાનંદગિરિ અને
મહાપ્રભુજી વચ્ચે વાદનો આરંભ થયો
વેદશાસ્ત્રના અતિ ગૂઢ એવા વિવિધ વિષયો ઉપર મહાપ્રભુજીએ અઠ્ઠાવીસ દિવસ સુધી વાદ ચર્ચા કરીને પોતાના બ્રહ્મવાદને સિધ્ધ કરી બતાવ્યો
અઠ્ઠાવીસ દિવસના વાદમાં પરાજિત થયેલા વિદ્વાનોને મારા સિધ્ધાન્તો ફરી સંક્ષેપમાં કહું છું કે બ્રહ્મ (ઈશ્વર) સત્ય છે નિરાકાર અને સાકાર છે. જગત ઈશ્વરનીજ કૃતિ હોઈ સત્ય છે. અહંતા, મમતા મિથ્યા છે. જગતમાં બધું જ ઈશ્વરનું છે. જીવ ઈશ્વર નથી પણ ઈશ્વરનો અંશ છે. ઈશ્વર સર્વવ્યાપી છે.

સૌએ મહાપ્રભુજીના મતને 'શુદ્ધાદ્વૈત માર્ગ' એવું નામ આપ્યું અને જગદ્ગુરુની પદવીથી વિભૂષીત કર્યા. બીજે દિવસે મહાપ્રભુજીને કનકાભિષેક કરવાનો ઉત્સવ જાહેર કર્યો.



સંવત ૧૫૫૦ ના ચૈત્ર સુદ નોમ (રામનવમી) ને દિવસે કૃષ્ણ દેવરાજાએ મહાપ્રભુજીનો કનકાભિષેક કર્યો. તે સમયે અન્ય આચાર્યોએ મહાપ્રભુજીને આચાર્યતિલક કર્યું અને 'વલ્લભાચાર્ય' એવું નામ પ્રગટ કર્યું. રાજા સહકુટુંબ મહાપ્રભુજીના શરણે આવ્યા.




કનકાભિષેક પછી વિદ્યાનગરમાં થોડો સમય બિરાજીને શ્રીમદ્ ભાગવતના ગૂઢ અર્થને પ્રકટ કરતા 'ભાગવતાર્થ નિબંધ', આણુભાષ્ય વગેરે ગ્રંથની રચના કરી.



વિદ્યાનગરથી નીકળી દક્ષિણ પ્રદેશ, પશ્ચિમ પ્રદેશ, ગુજરાત, સિંધ, પંજાબ અને ઉત્તર પ્રદેશની યાત્રા કરી જગન્નાથપુરી પધાર્યા.





જગન્નાથપુરીમાં એકાદશીના વ્રતના દિવસે જ કોઈ તેજસ્વી યોગીએ મહાપ્રભુજીના હસ્તમાં પ્રસાદ મૂકી દીધો. મહાપ્રભુજીએ આખો દિવસ અને આખી રાત એ પ્રસાદ પોતાના હસ્તમાં રાખીને એની સ્તુતિ કરી બારસની સવારે એ પ્રસાદનું પ્રાશન કર્યું.
આજે એકાદશી હોઈ આ પ્રસાદ શી રીતે લેવાય?
જગન્નાથજીના મંદિરમાં બ્રહ્મસભામાં ધર્મસંબંધી નિર્ણય થનાર છે સહુને હાજર રહેવા રાજાનું આમંત્રણ છે.
કૃપાનાથ, આપે તો આ સભામાં અવશ્ય પધારવું જોઈએ.
જગન્નાથપુરીમાં વિદ્વાનોના વાદનો નિર્ણય કરવા મહાપ્રભુજી ભોજરાજદેવની સભામાં પધાર્યા.
મુખ્ય શાસ્ત્ર કયું?
મુખ્ય દેવ કયા?
મુખ્ય મંત્ર કયો?
મુખ્ય કર્મ કયું?




વલ્લભાચાર્યજી આપ વાદમાં જીત્યા તો ખરા, પણ જગન્નાથજી એજ ઉત્તર લખી આપે તો આપનું પ્રતિપાદન સાચું માનીએ.
જગન્નાથજી પાસે લખવાના સાધનો મુકવામાં આવ્યા.
મંદિરના દરવાજા બંધ કરી પંડિતો જવાબ લખાય તેની રાહ જોવા લા
અરે! આમાં તો જગન્નાથજીએ સંસ્કૃતમાં લખ્યું છે!
કાગળમાં લખ્યું હતું કે....
एकं शास्त्रं देवकीपुत्रगीतम्
एको देवो देवकीपुत्र एव ।
मंत्रोप्येकस्तस्य नामानि यानि
कर्माप्येकं तस्य देवस्य सेवा



જગન્નાથપુરીથી નીકળી મંદાર-મધુસૂદન, મહેન્દ્રાચલ અને ગોદાવરી યાત્રા કરતાં દક્ષિણમાં પોતાના ઘેર પાછા પધારી મહાપ્રભુજીએ પ્રથમ પરિક્રમા પૂર્ણ કરી. દ્વિતીય પરિક્રમાના આરંભમાં દક્ષિણની યાત્રા કરી મહાપ્રભુજી પંઢરપુર પધાર્યા.
ત્યાં પાંડુરંગ વિઠોબાજી તથા મહાપ્રભુજીનું મિલન થયું. વિઠોબાજીએ આજ્ઞા કરી-"આપ લગ્ન કરો, મારે આપને ત્યાં પ્રગટ થવું છે."


વિઠોબાજીની આજ્ઞા માન્ય કરીને મહાપ્રભુજી પંઢરપુરથી નીકળી અનેક પ્રદેશો પસાર કરી વ્રજમાં પધાર્યા.





મહાપ્રભુજીએ તેના પર જળ છાંટતાં તેનો મોક્ષ થયો. અજગર પૂર્વ જન્મમાં વૃંદાવનમાં મહંત હતો અને સેવકોનું ધન હરતો હતો. આ કીડીઓ તેના સેવક હતા
ત્યારે તેમને જમાડવાનો સવાલ ઊભો થયો
મહાપ્રભુજીના હસ્ત સ્પર્શથી સામગ્રી પાત્રો અક્ષય બની ગયા અને તમામ સાધુઓએ ભરપેટ ભોજન કર્યું



ગોકુળમાં ગોવિંદઘાટ ઉપર એક વૈરાગી સાધુ યમુના સ્નાન કરવા આવ્યો. પોતાની પાસેનો એક બટવો એણે વૃક્ષની ડાળીએ લટકાવ્યો અને યમુનાસ્નાન કરવા ગયો.
અરે, મારો બટવો ક્યાં ?
વૃક્ષ પરથી મારો બટવો ચોરાયો.
ૃક્ષ પાસે તપાસ કરો.
અહો! આટલા બધા બટવા!
ત્યાં તો અનેક બટવા છે. એમાં મારો ક્યો?
ી ત્યાં જાવ.
વૃક્ષ પર એકજ બટવો જોતાં.
અરે! આ તો મારોજ બટવો.


બહુલાવનમાં સિંહની ત્રાડથી બધા ભાગી ગયા ત્યારે એક ગાય નીડર થઈ ઉભી રહી. લોકોએ તેના માનમાં મંદિર બંધાવ્યું.
મુસ્લીમ હાકેમ......
પ્રધાનજી! આ પત્થરની ગાયની પૂજા બંધ કરાવો.
હાકેમનો હુકમ
જે કોઈ આ મંદિરમાં આ પત્થરની ગાયની પૂજા કરશે તેનો શિરચ્છેદ કરવામાં આવશે.
ગાય જીવતી થઈ મહાપ્રભુજીના હાથમાંથી ઘાસ ખાધું ત્યારથી હાકેમે મંદિરમાં ગાયની મૂર્તિની પૂજા કરવાની સહુને છૂટ આપી.
મારી ભૂલ થઈ મને માફ કરો.



મહાપ્રભુજીના દૈવી પ્રભાવના અનેક ચમત્કારો સાંભળ્યા પછી એક સમર્થ બાદશાહ સિકંદર લોદીને મહાપ્રભુજીનું ચિત્ર તૈયાર કરાવવાની ઈચ્છા થઈ. બાદશાહે પોતાના શાહી ચિત્રકાર હોનહારને ફુરમાન કર્યું.
હિંદુ પાક ઓલિયા વલ્લભાચાર્યજીની આબેહૂબ તસ્વીર તૈયાર કરી લાવો.
હોનહાર એક સમર્થ ચિત્રકાર હતો. એની કલામાં અજીબ કરામત હતી. શાહી ચિત્રકારના ફુરમાન સાથે હોનહાર ગોકુલ આવ્યો. ત્યારે
આજ દશ્ય હું ઉતારી લઉં.
હોનહારે જે દશ્ય જોયું એજ દશ્ય ચિતર્યું પરંતુ અધૂરું લાગ્યું.
ઉંહું, ચિત્રમાં પૂર્ણતા નથી લાગતી. લાવ, ફરીથી દોરી જોઉં.
અરે આ શું? બીજું ચિત્ર પણ પૂરું નથી લાગતું! મારી પીંછી મને છેતરી રહી છે કે શું? નક્કી કંઈ ચમત્કાર લાગે છે.
મારા બબ્બે ચિત્રો નિષ્ફળ ગયા છે. હવે મારી આબરૂ આપના હાથમાં છે. બાદશાહની નારાજગીનો ભોગ બનીશ તો મારું શું થશે?
જાઓ, ત્રીજું ચિત્ર બનાવો.
હોનહાર ત્રીજીવાર ચિત્ર દોરે છે.
વાહ, શું સુંદર ચિત્ર તૈયાર થયું છે! બાદશાહ જરૂર રાજી થઈ ઈનામ આપશે.


નામના ક્ષત્રીને શ્રીનાથજીએ એક વખત સ્વપ્ન દ્વારા મોટું મંદિર બંધાવવાની આજ્ઞા કરી.
અમે ગિરિરાજજી ઉપર નાના મંદિરમાં બિરાજીએ છીએ. ત્યાં અમને બહુજ અગવડતા પડે છે. તો તમે અમારા માટે ગિરિરાજજી ઉપર નવું મોટું મંદિર બંધાવો.
પૂરણમલ ક્ષત્રી શ્રીનાથજીની આજ્ઞા મળતાં પોતાના ગામથી ગિરિરાજજીની તળેટીમાં આવ્યા. મહાપ્રભુજીને પોતાના સ્વપ્નની વાત
મંદિર બાંધવા આપની આજ્ઞા માગું છું.
અવશ્ય, નકશો તૈયાર કરાવો.
વિ.સં. ૧૫૫૬ વૈશાખ સુદ ત્રીજ (અક્ષય તૃતિયા) ને દિવસે ગિરિરાજજી ઉપર મહાપ્રભુજીની આજ્ઞાથી પૂરણમલ ક્ષત્રી
શ્રીનાથજીના નવા મોટા મંદિરનો પાયો નાખ્યો.


વ્રજયાત્રા કરી કુરુક્ષેત્ર થઈને મહાપ્રભુજી વ્યાસાશ્રમ પધાર્યા. ત્યાંના વિકટ માર્ગમાં પર્વત ઉપરથી ગબડતી શીલા કૃષ્ણદાસ મેઘને ઝીલી રાખી.
કૃષ્ણદાસ, તમે અહીંજ ઊભા રહેજો. અમે વ્યાસજીને મળીને આવીએ છીએ.
મહાપ્રભુજી વ્યાસજી સાથે શ્રીમદ્ ભાગવત ઉપર રહસ્ય ચર્ચા કરે છે અને ત્રણ દિવસ સુધી શ્લોકોના ગૂઢ અર્થ સમજાવે છે. છેવટે વિદાય થતી વખતે મહાપ્રભુજીને વ્યાસજી પણ વિવાહ કરવાનું સૂચવે છે.
ત્રણ દિવસ પછી.....
ધન્ય છે! કૃષ્ણદાસ, વરદાન માગો.
કૃપાનાથ, મારો મુખરતા દોષ દૂર થાય, સ્વમાર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય અને મારા ગુરુને ત્યાં આપ પધારો.
પ્રથમ બે ઈચ્છા પૂર્ણ કરીએ છીએ. ત્રીજી નહીં.




કૃષ્ણદાસ મેઘન પોતાના ગુરુને મળવા જાય છે. પરંતુ ગુરુ એમને જોઈને નારાજ થઈ જાય છે.
હું તારો ગુરુ હોવા છતાં તેં બીજા ગુરુ કેમ કર્યાં?
આપની સિવાય મેં બીજા ગુરુ નથી કર્યાં. મહાપ્રભુજીને તો હું ગુરુ નહીં પણ પૂર્ણ પુરુષોત્તમ ઈશ્વર તરીકે માનું છું.
જો એમજ હોય તો આ ધગધગતો દેવતા તારા હાથમાં પકડી બતાવ.
કૃષ્ણદાસ મેઘન ધગધગતો દેવતા હાથમાં ઝીલે છે.
મહાપ્રભુજી જો સાક્ષાત અગ્નિ અવતાર પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ હશે તો આ અગ્નિ મારા હાથને કંઈ નહીં કરે.
થોડી વારે પછી....
અરે! હાથને કંઈ નહીં થયું!?


થોડા દિવસો પછી કાશીમાં..... એક વખત મહાપ્રભુજી ગંગા કિનારે સંધ્યાવંદન કરતા હતા ત્યારે એમના મોટા ભાઈ પોતાની સિધ્ધિઓના ગર્વથી મદમાતા ધસી આવે છે.
ફક્ત આચાર્ય થવાથી તમે શું ધાડ મારી, મારા જેવી સિધ્ધિઓ છે તમારી પાસે?
જુઓ, હું ગંગાજળની ઉપર ચાલીને સામે કિનારે જાઉં છું.
બીજે દિવસે ફરીથી...
ફક્ત પંડિતાઈ કર્યે શો દાડો વળે? મારા જેવું કંઈ આવડે છે? પાણી ઉપર ચાલતા?
મોટાભાઈ જેવા ગંગાજીની અધવચ્ચે પહોંચે છે કે તરત જ મહાપ્રભુજી એમની સિધ્ધિ હરી લે છે.
બચાવો ભાઈ, મને બચાવો.
મહાપ્રભુજી પોતાના પ્રતાપબળથી મોટાભાઈને ગંગાજીમાં ડૂબતા બચાવે છે અને પાછા કિનારે લાવે છે.
તમે જીત્યા અને હું હાર્યો.


વિ.સં. ૧૫૫૯ અષાઢ સુદ પાંચમને દિવસે ૨૩ વર્ષની ઉંમરે કાશીમાં મહાલક્ષ્મીજી નામની કન્યા સાથે મહાપ્રભુજીનો વિવાહ સંપન્ન થયો.



વિવાહ પછી થોડો સમય રહીને યાત્રામાં આગળ વધતાં ...


આંધ્રમાં પંપા સરોવરે...
કોણે આને મારી નાખ્યું હશે !?
કૃષ્ણદાસ સંઘને તેના ઉપર મહાપ્રભુજીનું ચરણોદક છાંટ્યું અને પંખી મોક્ષ પામ્યું.
વિષ્ણુકાંચીમાં પગથીયા ઉપર કવિ જયદેવની અષ્ટપદી જોઈ...
ભગવાનની પવિત્ર સ્તુતી ઉપર કેમ પગ મુકાય!
મહાપ્રભુજી બીજે દિવસે દર્શન કરવા પધાર્યા ત્યારે અષ્ટપદી ભીંત પર કોતરાઈ ગઈ હતી.


અગ્રહાર નગરમાં મામા જનાર્દનને ત્યાં
આ શાલિગ્રામ તથા ભાગવત રાખો.
બહેન, આ બાલમુકુંદનું સ્વરૂપ તમે રાખો.
અગ્રહારથી વિદાય
કુંડીનપુરમાં એમણે ખ્યાતિવાદ તથા પ્રતિબિંબવાદના સમર્થક પંડિતોનો પરાજય કર્યો.
ખ્યાતિવાદ અને પ્રતિબિંબવાદના સમર્થક પંડિતો ઉપર વિજય મેળવી પાછા પધારેલા મહાપ્રભુજીનું અગ્રહારમાં મામાએ સ્વાગત કર્યું.
આપ આ હાથી પર બીરાજો.
મારાથી કોઈપણ પ્રાણી ઉપર સ્વારી કરી શકાય નહીં.


આ શિલા ઉપાડો.
અહીં જળ નથી તો કેમ રહી શકાય?
શિલા ઉપાડતાં જ ત્યાંથી ખળખળ કરતું ઝરણું વહેવા લાગ્યું!
પદ્મનાભમાં....
રાજાજી, રાણીને બ્રહ્મરાક્ષસ વળગ્યો છે, એ તો નીકળે તેમ નથી.
મહાપ્રભુજીના સેવક દામોદરદાસે મહાપ્રભુજીનું ચરણોદક છાંટતાં રાણી સાજી થઈ અને બ્રહ્મરાક્ષસ દામોદરદાસને ચરણે પડ્યો.
હાશ, આજે મારી મુક્તિ થઈ!



ગોપરામે એક વિદ્વાન પંડીત શાસ્ત્રાર્થ કરવા જતાં હારી ગયો.
હવે મારૂં જીવવું વ્યર્થ છે.
થોભ, અમે તારા જીવનને સાર્થક કરશું.
મહાપ્રભુજીના આશીર્વાદથી ત્યાર પછી તે બ્રાહ્મણ સદાય વાદમાં જીતતો.
વત્સ, આત્મહત્યા જેવું કોઈ પાપ નથી.



દેવા બ્રાહ્મણની અટારીએથી કચરો અને ગંદુ કપડું ફેંકે છે. જે સેવક જલની ગાગર લઈ જાય છે તે ગાગર પર પડે છે.
કૃપાનાથ, દેવા બ્રાહ્મણીએ આજે કચરા ઉપરાંત ગાગર પર આવું મેલું ગંદુ ચીંથરું ફેંક્યું ।
ગુણ ગ્રહણ કરો ચીંથરાને ધોઈને દેવના શણગારવાનો કાકડો બનાવો
ગુજરાતથી આગળ વધતાં.... થોડા બ્રાહ્મણો મહાપ્રભુજી સાથે વાદ કરવા આવે છે..... અને તરતજ તેઓ પરાજિત થઈ જાય છે
પરાજિત થયેલા બ્રાહ્મણોએ સો ધૂર્ત બ્રાહ્મણોને મહાપ્રભુજી પાસે મોકલ્યા. આવીને તરત એ સો બ્રાહ્મણોએ એક સાથે સો પ્રશ્નો પૂછ્યા મહાપ્રભુજીએ પોતાના સો મુખ કરીને સો સો પ્રશ્નોના એક સાથે ઉત્તર આપ્યા. મહાપ્રભુજીના એ અદ્ભુત ચરિત્ર વૈભવની લોકોએ પ્રશંસા કરી.



ગુજરાતના પદ્મા રાવળ, માવજી પટેલ અને માવજી પટેલની સ્ત્રી વિરજોને રણછોડજીના સ્વરૂપમાં ઘણી આસક્તિ હતી. તેઓ જ્યારે મહાપ્રભુજીના શરણે આવ્યા, ત્યારે મહાપ્રભુજીએ રણછોડજીના સ્વરૂપે તેમને દર્શન દીધાં.


જામનગરમાં
આપના ચરણસ્પર્શથી પુનીત થયેલી આ ભૂમિ પર હું નગર વસાવીશ.


સિધ્ધપુરમાં... ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાનો હુકમ હતો કે એની સામે પાલખીમાં બેસીને કોઈએ નીકળવું નહીં.
જરાય ગભરાવાની જરૂર નથી. ગામ લોકોના ભક્તિભાવભર્યા આગ્રહને વશ થઈને અમે સુખપાલમાં બેઠા છીએ. પ્રભુએ જે અધિકારનું દાન કર્યું હોય તેની રક્ષા કરનાર પણ એજ છે. તમે આગળ વધો.
મહારાજ, સામેજ સુલતાનના મહેલનો ઝરૂખો દેખાય છે. આપ સુખપાલમાંથી નીચે પધારો તો સારું.
જહાંપનાહ, કોઈ હિંદુ ફકીર આપની નજર સામેજ પાલખીમાં બેસીને શાહી મહેલને માર્ગે નીકળવાની બેઅદબી ગુજારી રહેલ છે.
સબુર વજીરજી. આ કોઈ મામુલી ફકીર નથી લાગતા. આ તો ખુદાઈ નૂરવાળો આગનો શોલો છે. એને તો આપણે પણ તસલીમ કરવા જોઈએ.
અગ્નિ સ્વરૂપ મહાપ્રભુજી નગરજનોના વહન ઝીલતાં સુખપાલમાં બીરાજીને રાજમાર્ગે આગળ વધી ગયા.



દ્વારકામાં... બેટ ગામ....
રુક્મિણીજીને દુર્વાસા ઋષીના શાપથી બારવર્ષ સુધી ભગવાનનો વિયોગ થયો હતો. તે સમયે એમણે જે સ્વરૂપનું પૂજન કર્યું હતું, તે રણછોડજીનું સ્વરૂપ અહીંની જમીનની નીચે બિરાજે છે. જમીન ખોદીને એમને બહાર પધરાવો અને સેવા કરો. સ્વરૂપની સાથે દિવ્ય શંખ, મણીનો મુગટ અને કરાર પણ પ્રાપ્ત થશે.
મહારાજ, અહીંના ઠાકોરજી તો બોડાણા ભક્ત ઉપર પ્રસન્ન થઈને ડાકોરમાં જઈને બિરાજ્યા, હવે અહીંનું મંદીર ખાલી છે. અમે કોની સેવા કરીએ ?
જય હો શ્રી રણછોડ રાયકી... જય હો શ્રી મહાપ્રભુજીકી...
મહાપ્રભુજીએ પ્રાચીન મંદિરમાં શ્રી રણછોડરાયજીના સ્વરૂપની સ્થાપના કરી અને એમની સેવાનો પ્રબંધ કર્યો.



શંખોદ્ધારમાં મહાપ્રભુજી કથા કહેતા હતા ત્યારે ઓચિંતાનો ધોધમાર
વરસાદ ઘેરાઈ આવ્યો ...
શ્રોતાજનો કથા સાંભળવામાં એવા તો મગ્ન હતા કે.....



વરસાદને કારણે શ્રોતાજનોની રસક્ષતિ ન થાય એ હેતુથી
મહાપ્રભુજીએ પોતાની દૃષ્ટિ વડે મેઘને રોકી લીધો અને પોતે
જે સ્થળે બિરાજતા હતા ત્યાંથી દૂર ચારેય તરફ વરસાદ વરસાવ્યો


અયોધ્યામાં મહાપ્રભુજી રામાયણની કથા વાંચતા ત્યારે હનુમાનજી રસપૂર્વક તે સાંભળતા.



બદરીકેદારમાં મહાપ્રભુજીના દર્શન નારદજી, ઉદ્ધવજી તથા વ્યાસજીને થયા



કાશીમાં ગંગાકિનારે શાગ્યવ્યાસ.....
મારા જેવા પંડીત બ્રાહ્મણ મારે વાદમાં હારવું એ મોત કરતાં વિશેષ છે બાપ, ગંગાજીમાં પડતું મૂકીને પ્રાણ ત્યાગ કરું.
કૃપાનાથ, ગંગાજીમાં ડૂબી મરે એને શું ફળ મળે ?
કોઈની સાથે વાદમાં હારી જઈને અહં હણાયાની લજ્જાથી ડૂબી મરવાનું શું ફળ હોય? એને તો આત્મહત્યાનું પાપ લાગે અને સર્પ યોની પ્રાપ્ત થાય.
આત્મહત્યા કરવા જતા શાગ્યવ્યાસને કાને મહાપ્રભુજીના શબ્દો પડે છે અને તે પાછા વળે છે.
મહારાજ, ભલું થયું, આપે મને બચાવ્યો. પંડીતાઈનો બહુ અહંકાર હતો, પરંતુ દરેક જગ્યાએ હાર્યો. હવે આપ કૃપા કરીને મને શરણે લ્યો.
શાગ્યવ્યાસને શરણે લઈ મહાપ્રભુજીએ ચતુઃશ્લોકી ગ્રંથ શીખવાડ્યો. ત્યારપછી શાગ્યવ્યાસ કદી કોઈ બ્રાહ્મણ સાથે વાદમાં હાર્યા ન


આવો સૂરદાસજી, તમારા સુંદર કંઠે કંઈક ભગવત જશનું વર્ણન કરો.
હોં હરિ સબ પતિતનકો નાયક કો કરી સકે બરાબરી મેરી ઈને માનકો લાયક.
સૂર થઈને આમ રઘવાર શાનો કરો છો? કંઈક ભગવદ્‌લીલાનું વર્ણન કરો.
મહારાજ, હું કોઈ ભગવદ્‌લીલા સમજતો નથી. શું ગાઉં?
ચકઈરી ચલી ચરન સરોવર જહાં નહીં પ્રેમ વિયોગ.....


સં. ૧૫૬૮ ભાદરવા વદ ૧૨ ના દિવસે અડેલ પાસે દેવર્ષિ ગામમાં મહાપ્રભુજીને ઘરે પ્રથમ પુત્ર ગોપીનાથજીનું પ્રાકટ્ય થયું.
સં.૧૫૭૨ માગશર વદ ૯ ના દિવસે ચરણાદ્રિ ગામમાં મહાપ્રભુજી-ને ઘરે દ્વિતીય પુત્ર વિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય થયું.
પુરણમલ્લ ક્ષત્રી દ્વારા ગિરિરાજજી પર શ્રીનાથજીનું નવું મોટું મંદિર વીસ વર્ષે સંપૂર્ણ બંધાઇ રહેતાં એમાં સં. ૧૫૭૬ વૈશાખ સુદ ૩ (અક્ષય તૃતીયા) ના શુભ દિને મહાપ્રભુજીએ શ્રીનાથજીને પાટ પધરાવ્યા અને વૈભવ પૂર્વક સેવા શરૂ કરાવી.



કાશીમાં (હાલના વારાણસીમાં) ફરીથી પંડીતો મહાપ્રભુજી પાસે આવીને વાદવિવાદ કરવા લાગ્યા અને મતભેદ ઉભા કરી
સમય બગાડવા લાગ્યા.



પંડીતો સાથે પ્રત્યક્ષ વાદ ચર્ચા કરીને વ્યર્થ સમય બગાડવા કરતાં મહાપ્રભુજીએ એક નવી યુક્તિ શોધી કાઢી.....
કાશી વિશ્વનાથ મહાદેવજીના મંદિરની બહાર દરરોજ એક એવા ત્રીસ દિવસ
સુધી ત્રીસ પત્રો ચોંટાડાવી પંડીતોના પ્રશ્નોનું સમાધાન કર્યું. આ ત્રીસ પત્રો
'પત્રાવલંબન' ગ્રંથ તરીકે પ્રસિદ્ધ છે.




ગંગાસાગરે (જગન્નાથ પુરી પાસે) મહાપ્રભુજીને પ્રથમ, વ્રજના મધુવનમાં બીજી અને સં. ૧૫૮૭ માં અડેલમાં ત્રીજી ભગવદ્ આજ્ઞા થઈ.
આપ હવે ગોલોકમાં અમારી પાસે પધારો. આપે અમારું કાર્ય પૂરું કર્યું છે.
મહાપ્રભુજી કાશીમાં હનુમાનઘાટ ઉપર ત્રિદંડસંન્યાસ ધારણ કરી સર્વથા અનશન મૌનવ્રત ધારણ કરી બિરાજ્યા હતા ત્યારે મોટા પુત્ર ગોપીનાથજી અને નાના પુત્ર વિઠ્ઠલનાથજી મહાપ્રભુજી પાસે અંતિમ ઉપદેશ લેવા પધાર્યા. મહાપ્રભુજીએ રેતીમાં સાડાત્રણ શ્લોક લખી દીધા.
હવે અમારું શું કર્તવ્ય છે?
જ્યારે તમે કોઈપણ પ્રકારે બહિર્મુખ થશો ત્યારે કાળપ્રવાહમાં રહેલ દેહ, ચિત્ત આદિ તમારું સર્વથા ભક્ષણ કરી જશે એવો મારો મત છે. શ્રીકૃષ્ણનું સ્વરૂપ અલૌકિક છે તેમને ક્યારેય લૌકિક માનશો નહીં. માટે શ્રીકૃષ્ણ વિષે જ આપણો ભાવ હોવો જોઈએ. આ લોકમાં સર્વસ્વ શ્રીકૃષ્ણજ છે અને પરલોક પણ તેજ છે. એટલે સર્વ ભાવે ગોપીશ, શ્રીકૃષ્ણ સેવા કરવા યોગ્ય છે. તેઓ તમારું લૌકિક તથા અલૌકિક કાર્ય કરશે.

મહાપ્રભુજીએ બાકી રહેલ સાડાત્રણ શ્લોકની પૂર્તિ કરવા ભગવાને પ્રગટ થઈને દોઢ શ્લોકમાં પોતાના તરફથી આજ્ઞા આપી




ઓગણચાલીસ દિવસના સંન્યાસ પછી ચાલીસમે દિવસે સં.૧૫૮૭ ના અષાઢ સુદ બીજ ઉપરાંત
ત્રીજને ( રથયાત્રા ) રવિવારના રોજ બપોરના સમયે મહાપ્રભુજી હનુમાન ઘાટ પરથી ગંગાજીના
જળપ્રવાહમાં પધાર્યા. તેઓ મધ્યધારામાં જોવા નીચે નમી જળમાં તિરોધાન (અદ્રશ્ય) થયા કે
તરતજ એક પ્રચંડ જ્યોતિપુંજ તે જ જગ્યાએથી પેદા થઈ ઇંદ્રાકારે ગગનમાં સૂર્યમંડળ સુધી ઊંચે
જઈ ધીમેધીમે દેખાતો બંધ થયો. ગંગાકિનારે એકઠા થયેલા અનેક સેવકોએ તેમજ અન્ય
હજારો લોકોએ આ દિવ્ય તેજપુંજના લગભગ ત્રણ કલાક સુધી દર્શન કર્યા. આમ પૃથ્વી ઉપર ૫૨
વર્ષ, ૨ માસ અને ૭ દિવસ સુધી બિરાજી પોતાનું કાર્ય પૂર્ણ કરી વૈશ્વાનર વિભુ શ્રીવલ્લભાચાર્યજીએ
કાશીમાં આસુરવ્યામોહલીલા કરી.



શ્રી મહાપ્રભુજીએ કાશીમાં આસુરવ્યામોહ લીલા કરી ત્યારે તે દર્શન કરી ખેદ પામેલા સેવકો શ્રી મહાપ્રભુજીનો વિરહ અનુભવતા, કાણપુર(બિહાર)માં મહાપ્રભુજીના એક સેવક ભગવાનદાસને ત્યાં આવ્યા, અને સર્વ હકીકત કહી. ત્યારે ભગવાનદાસે કહ્યું કે શ્રીમહાપ્રભુજી તો સદૈવ આપણી વચ્ચેજ બિરાજે છે, માટે શોક ન કરો અને આવી વાત પણ ન કરો. હમણાંજ હું તમોને શ્રી મહાપ્રભુજીનાં દર્શન કરાવું છું. એમ કહી ઓરડાનો દરવાજો ખોલી, પડદો હટાવ્યો તો ત્યાં સર્વે વૈષ્ણવોએ દર્શન કર્યા કે શ્રી મહાપ્રભુજી પોતાની બેઠકમાં બીરાજી શ્રીમદ્ભાગવત-નું પારાયણ કરી રહ્યા છે. આ પ્રકારનો અનુભવ અનેક સ્થળોએ અનેક સેવકોને થયો.

ગિરિરાજજીની કંદરામાં શ્રી હરિની અખંડ નિત્ય લીલામાં મહાપ્રભુજી સદૈવ બિરાજમાન છે.

